24438-556

ક્રમાંક : જીસીઈઆરટી/ સીએન્ડઈ/ 2025/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 06/ 10/ 2025

10 6 OCT 2025

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ પ્રાથમિક શાળાઓમાં પ્રથમસત્ર ધોરણ ૩ થી ૮ માં પરિણામપત્રકમાં રચનાત્મક મૂલ્યાંકનના ગુણ બાબત.

સંદર્ભઃ (૧)પત્રક્રમાંકઃજીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૫/૨૦૯૯૩-૨૧૦૦૪ તા.૧૩/૦૮/૨૦૨૫

(૨)તા.૦૬/૧૦/૨૦૨૫ ની અભ્યાસક્રમશાખાની નોંધ પર માન. નિયામકશ્રીના મળેલ આદેશાનુસાર

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્રના ત્રિમાસિક કસોટીના મુદ્દા નંબર- (૧૧) અન્વયે ત્રિમાસિક કસોટી રચનાત્મક મૂલ્યાંકનનો ભાગ બની રહેશે. આ કસોટીના ગુણ રચનાત્મક મૂલ્યાંકન (પત્રક-A) ના ભાગરૂપે સત્રાંત/વાર્ષિક પરિણામપત્રકમાં ગણવાના રહેશે.

પત્રક-C એટલે કે પરિણામપત્રકમાં પ્રથમસત્રમાં ૪૦ ગુણ કે જે રચનાત્મક મૂલ્યાંકન અંતર્ગત મૂકવાના થાય છે, તે સંદર્ભદર્શિત પત્ર અન્વયે વિદ્યાર્થીએ ૪૦ ગુણની ત્રિમાસિક કસોટીમાં મેળવેલ ગુણ મૂકવાના રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થીના રચનાત્મક-સતત મૂલ્યાંકન અંતર્ગત પત્રક-A પણ નિભાવવાનું રહેશે. પરંતુ તેના ગુણ પરિણામપત્રકમાં ગણવાના રહેશે નહિ.

ઉપરોક્ત ફેરફાર સિવાય પ્રથમસત્ર માટે મૂલ્યાંકન અને ગુણાંકનપદ્ધતિમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી. આ અંગે આપના તાબા હેઠળની શાળાઓને જાણ કરવા તથા અમલી કરવા આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ

- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

પ્રાથમિક
૭/૧૦ ૭/૧૦